APPENDIX - X

ક્રમાંક : મઉમશબ/સંશોધન/કો.એજ્યુ./26250
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેક્ટર-10 બી, જૂના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા. 22-07-2003

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
તમામ (ગુજરાત રાજ્ય)

વિષય : શૈક્ષણિક સત્ર-2003ના વર્ષથી અમલી માધ્યમિક કક્ષાના શિક્ષકોની કમ્પ્યૂટર તાલીમ બાબત સ્પષ્ટતા
સંદર્ભ : વંચાણે લીધો શૈક્ષણિક સમિતિનો ઠરાવ નં. (6-2) તા. 7-8-2001
કારોબારી સમિતિ ઠરાવ નં. 355/02 તા. 8-6-2002
કારોબારી સમિતિ ઠરાવ નં. 696/03 તા. 6/7 જૂન 2003

સુજ્ઞશ્રી,

આપ સૌ સુપરિચિત છો કે, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ રાજ્ય સરકારની મંજૂરી મેળવી માધ્યમિક કક્ષાએ વિષય માળખામાં એસ.યુ.પી. ડબલ્યુના વિષય ક્રમાંક 42 થી 52ના વિકલ્પે 'કોમ્પ્યૂટર પરિચય' વિષય ક્રમાંક 102 લઈ શકે તેવી જોગવાઈ કરેલ છે. જેના અધ્યયન-અધ્યાપન ત્રણ તાસની જોગવાઈમાં 50 ગુણનું સૈદ્ધાંતિક અને 50 ગુણનું પ્રાયોગિકનું પ્રશ્નપત્ર મળી કુલ 100 ગુણનો પ્રશ્નપત્ર છે. જે મરજિયાત વિષય તરીકે ધોરણ-10ના વિષય માળખામાં પણ રાખી શકાય છે.

ઉપરોક્ત વિષય અન્વયે ધોરણ-8, 9 અને 10 માટે આ વિષયની મંજૂરી મેળવવા અરજી કરનાર શાળાઓ નિયત ફોર્મ ભરી રૂ. 1,500/- રજીસ્ટ્રેશન ફી ભરવાની રહેશે. આગામી શૈક્ષણિક સત્ર જૂન-2003થી આ વિષય રાખનાર અથવા આ વિષયની મંજૂરી માટે નિયત પત્રકમાં અરજી કરનાર રજીસ્ટર માધ્યમિક શાળાએ નીચેની શરતોનું પાલન કરેલ હશે તે શાળાને જ આ વિષય રાખવાની મંજૂરી આપવામાં આવશે.

(1) કોઈ પણ રજીસ્ટર માધ્યમિક શાળા અનુદાન લેતી અથવા અનુદાન ન લેતી શાળાએ નિયત ફોર્મમાં અરજી કરી વિષય રજીસ્ટ્રેશન ફી રૂ. 1,500/- ભરવાના રહેશે.
(2) શાળાએ તાલીમી સંસ્થાઓ (યાદી બિડાણે સામેલ છે) દ્વારા જે તે ધોરણની તાલીમ મેળવી જે તે ધોરણનું તાલીમી સંસ્થાનું પ્રમાણપત્ર મેળવવાનું રહેશે. તે આધારો બોર્ડને મળ્યા પછી ક્રમાંક-3ના નિયમને આધિન મંજૂરી આપવામાં આવશે.
(3) માધ્યમિક કક્ષાએ આ વિષયની મંજૂરી મેળવવા દરખાસ્ત કરેલ શાળા પાસે કોમ્પ્યૂટર લેબમાં ઓછામાં ઓછા 10 અને બે વિદ્યાર્થી સંખ્યા પ્રમાણે (પ્રાયોગિક, સૈદ્ધાંતિક મળી ચાર વિદ્યાર્થી) 60 વિદ્યાર્થીએ 15 કોમ્પ્યૂટર હોવા જરૂરી છે. જે અંગે શાળાએ આપવાના કોમ્પ્યૂટરની સંખ્યાના આધારો-પુરાવાઓ પૂરા પાડવાના રહેશે.
(4) શાળાએ રજીસ્ટ્રેશનની અરજી કર્યા પછી ક્રમશઃ ધોરણ-8, 9 અને 10ની મંજૂરી કે એક થી વધુ ધોરણ માટે તાલીમ જે તે સસ્થા પાસેથી મેળવી બોર્ડ પાસેથી મંજૂરી મેળવી શકે છે. માત્ર શાળાના સંબંધિત શિક્ષકે જે તે ધોરણની તાલીમ કે જેમાં જે તે ધોરણનો કોમ્પ્યૂટર એજ્યુકેશનનો અભ્યાસક્રમ પૂર્ણ કરેલ છે તેવું પ્રમાણપત્ર સંબંધિત એજન્સી પાસેથી મેળવવાનું અને બોર્ડની કચેરીના સંશોધન વિભાગમાં મોકલવાનું રહેશે.
(5) શાળા પાસે આ વિષયની લાયકાત ધરાવતા શિક્ષક હોય તો તેના આધારો પ્રમાણપત્ર કે ગુણપત્રક રજૂ કરી વિષય શિક્ષકની તાલીમમાંથી શાળા મુક્તિ મેળવી શકે છે.
(6) તાલીમી સંસ્થાઓમાં તાલીમનો ખર્ચ હવેથી બોર્ડની કચેરીએ ન મોકલતાં સંબંધિત એજન્સીને તાલીમાર્થી દીઠ રૂ. 1,200/- આપી શાળાએ પોતાની રીતે વ્યવસ્થા કરવાની રહેશે.
(7) આ વિષય રાખવાની મંજૂરી માટે જે તે શાળાએ રજિસ્ટ્રેશન ફી સાથે (રૂ. 1,500/-) અરજી સાથે ડી.ડી. થી મોકલવાના રહેશે. દરખાસ્ત કરવાની આખરી તારીખ 31 ઑગસ્ટ રહેશે. ત્યાર બાદ જે તે શૈક્ષણિક સત્ર માટે કોઈ પણ શાળાને મંજૂરી આપી શકાશે નહીં
(8) ધોરણ-10ની જાહેર પરીક્ષામાં આ વિષય રાખતા પહેલા સંબધિત શાળાએ ધોરણ-8, 9 અને 10ની તાલીમ પૂર્ણ કરી બોર્ડ દ્વારા મંજૂરી મેળવવાની રહેશે.

ઉપરોક્ત બાબતની જાણ આપના જિલ્લાની તમામ શાળાઓને કરી કરેલ કાર્યવાહીની અત્રે જાણ કરવા વિનંતી છે.

(ડૉ. જી. કે. પટેલ)
સચિવ
ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

બિડાણ : તાલીમ માટે બોર્ડ દ્વારા નિયત કરેલ તાલીમી સસ્થાઓની યાદી